સરકારી/અર્ધસરકારી અને સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ કચેરીઓએ તેમના તમામ સરકારી નાણાંકીય વ્યવહારો ઇ-પેમેન્ટ/ ડીજીટલ પ્લેટફોર્મ મારફત કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક :. ક્રમાંકઃઈપીટી/ ૧૦૨૦૧૨/ સીએસઓ/ ૨૧-ઝ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૦૫/૧૨/૨૦૧૬

વંચાણે લીધોઃ

(૧) નાણા વિભાગનો તા.૩૦/૪/૨૦૧૩ ઠરાવ ક્રમાંક ઈપીટી/૧૦૨૦૧૨/સીએસઓ-૨૧/ઝ

(૨) નાણા વિભાગનો તા.૨૭/૫/૨૦૧૩ ઠરાવ ક્રમાંક : તજર/૧૦૦૫/૧૫૩/ઝ

ઠરાવ:-

નાણા વિભાગના તા.૩૦/૪/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃઈપીટી/૧૦૨૦૧૨/ સીએસઓ ૨૧-ઝ થી રાજયની તમામ પ્રકારની કચેરીઓમાં તમામ પ્રકારના બીલોના ચુકવણા તબકકાવાર ઈ-પેમેન્ટથી કરવા બાબતની વિસ્તૃત સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સૂચનાઓમાં ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ કરવા અંગેની કાર્યવાહી તેમજ તિજોરી કચેરી/ પગાર અને હિસાબી કચેરીએ કરવાની કાર્યવાહી તેમજ બેંકે કરવાની કાર્યવાહી અંગેની વિસ્તૃત સૂચનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારબાદ નાણાં વિભાગના તા.૨૭/૫/૨૦૧૩ના ઠરાવથી ડીજીટલ સીગ્નેચર અંગેની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વર્તમાન ડીજીટલ યુગમાં મોબાઈલ બેંકીંગ અને અન્ય ડીઝીટલ પ્લેટફોર્મ મારફતે નાણાકીય વ્યવહારો કરવાનું ચલણ વધેલ છે. તેના સંદર્ભમાં સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ કચેરીઓમાં તમામ નાણાકીય વ્યવહારો ડીજીટલ પ્લેટફોર્મ મારફતે કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાજય સરકારના તમામ નાણાંકીય વ્યવહારો ડીઝીટલ મોડથી થાય તે માટે તમામ સરકારી કચેરીઓએ તેઓના તમામ સરકારી કર, વેરાઓ, ફી અને દંડના વ્યવહારો સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફતે કરવાના થશે.

(૨) ગુજરાત સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, સોસાયટી, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓએ નવી તમામ સુવિધાશુલ્ક (Utilities Bill) અંગેના વ્યવહારો Reserve Bank Of India ના NPCI (National Payments Corporation Of India) દ્વારા સંચાલિત ડીજીટલ પ્લેટફોર્મ જેવા કે આધાર લીંક પેમેન્ટ,

UPI(Unified Payment Interface), USSD(Unstructured Supplementary Service data) અને IMPS(Immediate Payment Service) મારફતે અથવા Point of Sale (POS) Machine ને અગ્રતા આપી કરવાના રહેશે.

(૩) પેરા (૨) માં દર્શાવેલ કચેરીઓ દ્વારા પેરા (૨) સિવાય અન્ય કોઈ ડીજીટલ મોડ/પેમેન્ટ ગેટ વે થી નાણાકીય વ્યવહારો અંગેની વ્યવસ્થા કરવામાં આવે તો તે આંતર સંચાલિત(interoperability), સાયબર સિકયુરીટી ધરાવતી તેમજ ભવિષ્યમાં અન્ય સીસ્ટમ સાથે ઈન્ટીગ્રેટ(Integrate) થઈ શકે તે પ્રકારની હોવી જોઈશે. તેમજ ICT સંબંધિત સરકારની તમામ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૪) ડીજીટલ પ્લેટફોર્મ મારફતે નાણાંકીય વ્યવહારો થઇ શકે તે માટે ઉક્ત તમામ કચેરીઓએ તેમના તમામ કર્મચારીઓના/લાભાર્થીઓના બેંકમાં ખાતા ખોલાવી બેંક ખાતા સાથે આધાર સીડીંગ અને મોબાઈલ સીડીંગ કરવાની તેમજ તમામ કર્મચારી/લાભાર્થી ડેબીટ કાર્ડ/રૂપે કાર્ડ મેળવી લે તેવી વ્યવસ્થા તા. ૩૧/૩/૨૦૧૭ સુધીમાં સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫) તમામ કચેરીઓએ ડીજીટલ પ્લેટફોર્મ મારફતે તેમના તમામ નાણાંકીય વ્યવહારો થાય તે માટે તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં કચેરીને સાનુકુળ હોય તેવા ડીઝીટલ પ્લેટફોર્મની વ્યવસ્થા ઉક્ત પારા(૨) અને પારા(૩) ને ધ્યાને લઇને કરવાની રહેશે. આ અંગેની વ્યવસ્થા કરવા અંગે વિભાગો/ કચેરીઓએ જરૂર જણાય તો ICT પ્લેટફોર્મ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તેમજ નાણાંકીય બાબતો માટે નાણાં વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

ઉક્ત ઠરાવનું પાલન થાય તેની પૂરતી કાળજી લેવા સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/બોર્ડ-કોર્પોરેશન/સોસાયટીઓ/સંસ્થાઓ/સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ વગેરેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. કે. પટેલ )
નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક..મંત્રીશ્રી(નાણાં)ના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

- સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/ સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ, સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે કચેરીઓના વડાઓ, સર્વે જિલ્લા તિજોરી, સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ, સર્વે નિગમ, બોર્ડ, યુનિવર્સિટીઓ/ રાજય સરકારના જાહેર સાહસો.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

---------------------------------

*પત્ર દ્વારા